# આસપાસ ચોપાસ

# નાંદરખા ગામમાં આધુનિક ઇન્ફ્રાસ્ટ્રક્ચર

**ગામમાં ઓલીવ હોસ્પિટલ, ઓયો હોટેલ રૂમ્સ, બે પેટ્રોલ પંપ, સીએનજી પંપ અને ગુજરાત ગેસનું મુખ્ય મથક ઉપલબ્ધ છે. એસએન્ડડી કોમ્પ્લેક્સ, ચોકલેટ હેવન, સ્થાપત્ય શોપિંગ સેન્ટર, ગ્રામીણ માહોલની વચ્ચે અદ્યતન સોસાયટીઓનો પણ વિકાસ થયો છે.**










## વાહનચાલકોનું શ્રદ્ધા સ્ટોપેજ: બ્રહ્મચારી બગલાદેવ મંદિર



બે દાયકા અગાઉ બીલીમોરા-ચીખલી સ્ટેટ હાઇવે પર નાંદરખા નજીક અકસ્માતોની હારમાળા સર્જાતી હતી. આ અકસ્માતોથી મુક્તિ મેળવવા ગ્રામજનો અને મંડળીના અગ્રણીઓએ ૩૦ ડિસેમ્બર-૨૦૦૨ના રોજ સહકારી મંડળીના કમ્પાઉન્ડમાં લીમડાના વૃક્ષ નીચે બ્રહ્મચારી બગલાદેવની સ્થાપના કરી હતી. લોકવાયકા અને શ્રદ્ધા મુજબ આ સ્થાપના બાદ અકસ્માતોનો સિલસિલો થંભી ગયો હતો. તાજેતરમાં આ મંદિરનો જીર્ણોદ્ધાર કરી ૧૫ ફૂટ ઊંચું નવું ભવ્ય મંદિર બનાવાયું છે, જ્યાં હજારો વાહનચાલકો પોતાની સુરક્ષા માટે મન્નત માંગે છે. આ શ્રદ્ધાનું સ્ટોપેજ કહેવાય છે.

## નાંદરખા ગામમાં શૈક્ષણિક ક્રાંતિ: ૨૦૦થી વધુ શિક્ષકો અને ડૉક્ટરો-ઈજનેરોની વણઝાર



શિક્ષણ ક્ષેત્રે નાંદરખા ગામે એક અભૂતપૂર્વ ક્રાંતિ સર્જીને સમાજ સમક્ષ પ્રેરણાદાયી ઉદાહરણ પૂરું પાડ્યું છે. ગામનો ઊંચો સાક્ષરતા દર અહીંની શૈક્ષણિક જાગૃતિની સાક્ષી પૂરે છે. ૧૯૬૩-૬૪માં ગોચરની જમીનમાં માત્ર ૪ ઓરડાથી શરૂ થયેલી પ્રાથમિક શાળા આજે વટવૃક્ષ બની છે. ૧૯૮૩માં ઊંટડી ફળિયામાં પણ નવી શાળા શરૂ કરાઈ હતી. બે વર્ગ શાળા ગામમાં શિક્ષણ પ્રત્યે ભારે જાગૃતતા હોવાથી સાક્ષરતાનો દર અત્યંત ઊંચો છે. ગામના દરેક ફળિયામાંથી અનેક લોકો સરકારી નોકરીમાં છે, જેમાં પ્રાથમિક શિક્ષકોનું પ્રમાણ સૌથી વધુ (૨૦૦થી વધારે શિક્ષકો) છે. ગામમાં ૧૨ જેટલા ક્લાસ-૧ અને ક્લાસ-૨ના સરકારી અધિકારીઓ, ૫ ડોક્ટરો, વકીલો અને 25 એન્જિનિયરો દેશ-વિદેશમાં ગામનું નામ રોશન કરી રહ્યા છે. આ નાનકડા ગામમાંથી આજે ૨૦૦થી વધુ શિક્ષકો તૈયાર થઈને શિક્ષણની જ્યોત પ્રગટાવી રહ્યા છે. એટલું જ નહીં ગામમાં ૨૫થી વધુ ઈજનેરો અને પાંચ તબીબો પણ ઉચ્ચ હોદ્દા પર સેવા આપી રહ્યા છે. આ તબીબોમાં જાણીતા હાર્ટ સ્પેશિયાલિસ્ટ ડો.જિગર પટેલ એક મોટું અને ગૌરવવંતુ નામ છે. શિક્ષણ ક્ષેત્રે નાંદરખાની આ અનોખી સિદ્ધિ આજે અન્ય ગ્રામ્ય વિસ્તારો માટે દીવાદાંડી સમાન બની છે. નાંદરખામાં જાણીતા એડ્વોકેટ નોટરી યુસુફભાઈ શેખની પુત્રી ડો.તન્વી શેખ એમડી સાઇકિયાટ્રિસ્ટ છે.

## ધાર્મિક એખલાસ અને આસ્થાનાં કેન્દ્રો

નાંદરખા ગામ સામાજિક સમરસતાનું ઉત્તમ ઉદાહરણ છે. અહીં વિવિધ ફળિયાંમાં અનેક પ્રાચીન અને ચમત્કારિક ધાર્મિક સ્થાનો આવેલાં છે, જેમાં ૭૨ વર્ષ જૂનું વીરબાઈ માતા મંદિર (જિર્ણોદ્ધાર ૧૯૯૩), મરકી માતા, ચૌસઠ જોગણી માતા મંદિર, તળાવની પાળ પર ભવાની માતા મંદિર અને ૩૮ વર્ષથી અવિરત અન્નકૂટ ઉજવતું જલારામ બાપાનું મંદિર શ્રદ્ધાનાં કેન્દ્રો છે. આ ઉપરાંત વણજારા ભૂતબાપજી, ખત્રી બાપા, ખટખટધામ હનુમાનજી, રામાભૂત બાપજી અને ઝરણ માતાજીનાં મંદિરો આવેલાં છે. અહીં પાંચ દાયકા અગાઉ ખટખટ નામના મહારાજનાં પાવન પગલાં પડ્યાં હતાં. તેઓ હનુમાનજી ભક્ત અને સિદ્ધ પુરુષ હતા. જેમની યાદમાં ખટખટધામ મંદિર નિર્માણ કરાયું હતું. નાંદરખા બજરંગ મંડળના પ્રમુખ ચંદ્રકાન્ત એલ. પટેલ સહિત ટીમ અહીં હનુમાન જયંતી અને શ્રાવણ મહિનામાં બીજા શનિવારે ભજન સપ્તાહ ઉજવે છે. વિદ્યાર્થીઓને શૈક્ષણિક કિટ વિતરણ કરે છે. જ્યારે ગામમાં રામા ભૂત બાપજીના મંદિરે ભક્તો પોતાની ગુમ ચીજવસ્તુઓ પરત મેળવવા માથું ટેકવે છે અને તેમની મન્નત ફળે છે. ગામના ઘાંચીવાડ ફળિયામાં તેમજ ચીખલી-બીલીમોરા રોડ પર ઢેડિયાદરા વિસ્તારમાં મુસ્લિમ સમાજની બે સુંદર મસ્જિદો આવેલી છે, જે ભાઈચારાનું પ્રતીક છે.









### રામાભૂત બાપજી મંદિર

લોકવાયકા મુજબ કોઈપણ વસ્તુ ખોવાઈ હોય અને તે માટે રામાભૂત બાપજીને યાદ કરીને દીવો માનવામાં આવે તો ખોવાયેલી વસ્તુ અચૂક પરત તમને મળી જાય છે.

## નાંદરખા ગામને સાચા અર્થમાં નંદનવન બનાવવા કામ કરીશું: સરપંચ ચંદ્રકાંત પટેલ

નાંદરખા ગામના સર્વાંગી વિકાસને ધ્યાનમાં રાખીને ગ્રામપંચાયત દ્વારા વિવિધ વિકાસલક્ષી આયોજન હાથ ધરવામાં આવી રહ્યાં છે. હાલમાં ગામના આંતરિક ડામર માર્ગો અનેક સ્થળોએ વળાંકવાળા તેમજ માત્ર ૧૨ ફૂટ પહોળા હોવાથી વધતી વાહનવ્યવહારની અવરજવર વચ્ચે ટ્રાફિકની સમસ્યા અને અસુવિધા સર્જાઈ રહી છે. આ સમસ્યાના કાયમી નિરાકરણ માટે ગામના આંતરિક માર્ગોને ૧૬ ફૂટ સુધી પહોળા કરવાની યોજના અમલમાં મૂકવામાં આવશે. આ ઉપરાંત ગ્રામજનોને વધુ સુવિધાઓ ઉપલબ્ધ થાય એ માટે નવા ગ્રામ પંચાયત ભવનનું નિર્માણ પણ આયોજનમાં સામેલ છે. આ વિકાસકાર્યો પૂર્ણ થતાં ગામમાં સુવિધાઓમાં વધારો થશે અને આવનારા સમયમાં નાંદરખા વધુ સુવ્યવસ્થિત અને આધુનિક ગામ તરીકે વિકસશે. સરપંચ ચંદ્રકાંત એલ.પટેલે જણાવ્યું હતું કે, ગ્રામજનોના સહયોગ અને ગ્રામ પંચાયતની ટીમના સંયુક્ત પ્રયાસોથી નાંદરખા ગામને સાચા અર્થમાં નંદનવન બનાવવા માટે સતત વિકાસલક્ષી કામગીરી કરવામાં આવી રહી છે. ગામના સર્વાંગી વિકાસ માટે ગ્રામ પંચાયત પ્રતિબદ્ધ છે અને આગામી સમયમાં પણ જનહિતનાં અનેક કાર્યો હાથ ધરવામાં આવશે.




## ત્રણ વર્ષ અગાઉ પંચવટી વિકાસ કેન્દ્રનું લોકાર્પણ કરાયું હતું

નાંદરખા ગામે આવેલા પ્રસિદ્ધ ખટખટધામ મંદિર પરિસરમાં સામાજિક વનીકરણ વિભાગ દ્વારા અંદાજિત રૂ.૨૫ લાખના ખર્ચે નવનિર્મિત 'પંચવટી વિકાસ કેન્દ્ર'નું ધારાસભ્ય નરેશભાઈ પટેલના હસ્તે ભવ્ય લોકાર્પણ કરવામાં આવ્યું હતું. ગ્રામજનો સામાજિક પ્રસંગો સારી રીતે ઉજવી શકે એ માટે કાર્યક્રમ દરમિયાન આયોજકો તરફથી એક મોટો મંડપ, ૧૦૦ ખુરશી, ૨૦૦૦ થાળી, ૨૦૦૦ ચમચી અને ૪૦૦૦ વાડકી જેવી જરૂરી સામગ્રી પણ ભેટ સ્વરૂપે અર્પણ કરવામાં આવી હતી. આ સુવિધાનો લાભ મેળવીને સ્થાનિક ગ્રામજનો હવે અહીં પોતાના નાના-મોટા સામાજિક પ્રસંગો ઉત્સાહભેર ઉજવી રહ્યા છે. સામાજિક વનીકરણ વિભાગ માત્ર વૃક્ષારોપણ જ નહીં, પરંતુ સામાજિક ઉત્તરદાયિત્વ પણ ખૂબ સારી રીતે નિભાવી રહ્યો છે. આજે આપણે સૌ ઋતુચક્રમાં બદલાવ અને ગ્લોબલ વોર્મિંગના ગંભીર પરિણામો ભોગવી રહ્યા છીએ, ત્યારે પર્યાવરણનું સંતુલન જાળવવા માટે ધરતીને વધુમાં વધુ હરિયાળી બનાવવી અનિવાર્ય છે. તેમણે દરેક નાગરિકને વધુ વૃક્ષો વાવવા અને તેનું જતન કરવા ખાસ અપીલ કરી હતી.

## નાંદરખાનો મિહિર પટેલ UPSC પરીક્ષામાં AIR ૭૦૯ સાથે ઝળક્યો હતો



UPSC (યુનિયન પબ્લિક સર્વિસ કમિશન સિવિલ સર્વિસીસ પરીક્ષા-૨૦૨૫)નું અંતિમ પરિણામ જાહેર થયું હતું, જેમાં સુરતમાં સબ રજિસ્ટ્રાર ગ્રેડ-૧ તરીકે ફરજ બજાવતા મૂળ ગણદેવીના નાંદરખા ગામના ૨૬ વર્ષીય મિહિર પટેલે ઓલ ઇન્ડિયા રેન્ક (AIR) ૭૦૯ હાંસલ કરી ઝળહળતી સિદ્ધિ મેળવી હતી.

## રાજકીય અગ્રણી દિવ્યાબેન પટેલ



નાંદરખા ગામ અંભેટા તાલુકા પંચાયત બેઠક વિસ્તારમાં આવે છે. હાલમાં જ સંપન્ન સ્થાનિક સ્વરાજ્ય ચૂંટ ણીમાં આ બેઠક ઉપર નાંદરખા પટેલ ફળિયાનાં ભાજપનાં ઉમેદવાર દિવ્યાબેન ઉત્કર્ષભાઈ પટેલે નોંધપાત્ર લીડ સાથે વિજય મેળવ્યો હતો. આ અગાઉ વર્ષ-૨૦૧૫માં તેમના પતિ ઉત્કર્ષ પટેલ પણ વિજેતા બન્યા હતા. દિવ્યાબેન પટેલ વર્તમાનમાં ગણદેવી તાલુકા પંચાયત સભ્ય છે.



## નજીકમાં આવેલાં આ ધાર્મિક સ્થળો છે ખાસ

પવિત્ર શ્રાવણ માસની શરૂઆત થતાં જ સમગ્ર પંથક શિવમય બની જાય છે, ત્યારે નાંદરખા ગામની આસપાસ નજીકના અંતરે આવેલાં પાંચ ઐતિહાસિક શિવાલયો ભક્તો માટે આસ્થાનું મુખ્ય કેન્દ્ર બન્યાં છે. શ્રાવણ માસ દરમિયાન આ મંદિરોમાં દર્શન કરવા માટે શ્રદ્ધાળુઓ ભારે ભીડ જમાવે છે. ભૌગોલિક દૃષ્ટિએ જોઈએ તો નાંદરખાથી માત્ર છ કિલોમીટરના અંતરે ગડતનું કામેશ્વર મહાદેવ મંદિર, પાંચ કિલોમીટરના અંતરે કછોલીમાં ગંગેશ્વર મહાદેવ મંદિર તેમજ પાંચ કિલોમીટરના અંતરે અમલસાડનું પ્રખ્યાત અંધેશ્વર મહાદેવ મંદિર આવેલું છે. આ ઉપરાંત, નાંદરખાથી માત્ર અઢીથી ત્રણ કિલોમીટરના અંતરે આવેલા ચીખલીના મજીગામમાં મલ્લિકાર્જુન મહાદેવ મંદિર અને ચાર કિલોમીટરના અંતરે બીલીમોરાનું ભવ્ય સોમનાથ મહાદેવ મંદિર આવેલું છે. શ્રાવણ માસના પવિત્ર દિવસોમાં અને ખાસ કરીને સોમવારે આ તમામ પાંચ શિવાલયોમાં 'હર હર મહાદેવ' અને 'બમ બમ ભોલે'ના નારા ગૂંજી ઊઠે છે. ભક્તો અહીં જલાભિષેક અને વિશેષ પૂજા-અર્ચના કરી ધન્યતા અનુભવે છે.

## ભવિષ્યની જરૂરિયાતો: વિકાસની નવી આકાંક્ષાઓ

નાંદરખા ગામે પ્રગતિનાં અનેક શિખરો સર કર્યાં છે, પરંતુ સંપૂર્ણ સુવિધાયુક્ત બનવા માટે ગ્રામજનો આગામી સમયમાં આ સુવિધાઓની અપેક્ષા રાખી રહ્યા છે. સરકારી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર (PHC), ગામના વિદ્યાર્થીઓ માટે માધ્યમિક શાળા નથી, ગ્રામ પંચાયતનું મકાન કાળક્રમે જર્જરિત બની ગયું છે. પુસ્તકાલય (લાઇબ્રેરી)ની જરૂરિયાત વર્તાઈ રહી છે. ગામના ઐતિહાસિક તળાવની ફરતે પ્રોટેક્શન વોલ (સુરક્ષા દીવાલ)ની જરૂરિયાત છે.

(માહિતી સંકલન અને તસવીર: કેરસી બારીઆ, બીલીમોરા)